
# થોડા વર્ષોમાં નાનકડું ગાંધીનગર હોટલ ઉદ્યોગમાં શિરમોર બનશે

## કર્મચારી - પ્રવાસી કે વ્યવસાયીઓનું ‘રાતાવાસા’ માટે ગાંધીનગર પ્રિય પસંદ

ગાંધીનગર ગુજરાતનું પાટનગર ખરું અને સરકારી દફતરે મહાનગરની શ્રેણીમાં નોંધાયેલું નગર છે. પરંતુ રાજયના અન્ય નગરોની સરખામણીએ વસ્તી અને વિસ્તારની દષ્ટિએ સાવ નાનકડું નગર છે.




અન્ય મહાનગરો જેવા કે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ કે ભાવનગર - જામનગરની વસ્તીની સરખામણીએ તો સાવ નાનકડું મહાનગર કહી શકાય એવી સ્થિતિ આંકડા દર્શાવે છે. પરંતુ આપણા આ નાનકડા મહાનગરની એક વિશેષતા એવી છે કે મોટા મહાનગરોની સરખામણીએ ખાસુ આગળ કહી શકાય. અને એ છે ગાંધીનગર શહેરી વિસ્તારમાં આવેલા હોટલ-ગેસ્ટ હાઉસની સંખ્યા.

### ગાંધીનગર : અન્ય મહાનગરો : વસ્તી અને હોટેલ - ગેસ્ટ હાઉસ આંકડાઓને પેલે પાર

| શહેર | શહેરી વસ્તી (લાખમાં) | અમદાવાદની વસ્તીના પ્રમાણે વસ્તી ટકાવારી | હોટેલ્સ-ગેસ્ટ હાઉસ | અમદાવાદના હોટેલ ગેસ્ટહાઉસ મુજબ% |
|---|---|---|---|---|
| અમદાવાદ | ૬૦.૬૩ | ૧૦૦% | ૨૭૯૯ | ૧૦૦% |
| સુરત | ૪૮.૪૯ | ૭૯% | ૨૦૨૦ | ૬૭% |
| વડોદરા | ૨૦.૬૫ | ૩૪% | ૧૨૨૦ | ૪૦% |
| રાજકોટ | ૨૨.૧૪ | ૩૬% | ૧૧૪૦ | ૩૮% |
| ગાંધીનગર | ૬.૦૦ | ૯.૯૦% | ૧૦૮૩ | ૩૬% |
| ભાવનગર | ૧૧.૮૨ | ૧૯% | ૭૦૪ | ૨૩% |
| જામનગર | ૯.૭૧ | ૧૬% | ૬૬૭ | ૨૨% |

● નોંધ : રાજયના મુખ્ય શહેર અમદાવાદની શહેરી વસ્તીને અને હોટેલ્સ-ગેસ્ટ હાઉસને ધ્યાનમાં લઈને તેની ટકાવારી ૧૦૦ ગણીને ગાંધીનગર સહિતના મહાનગરોની સ્થિતિ સમજાવવામાં આવી છે.

● સંદર્ભ : આંકડાકીય રૂપરેખા, ગુજરાત રાજય, ૨૦૧૭ અને સેન્સસ-૨૦૧૧ સિરિઝ-૨૫.

ઉપર દર્શાવેલા ટેબલના આંકડાઓ પર એક નજર કરીએ તો સ્પષ્ટ થાય છે કે અમદાવાદ કે જેની ગણના રાજયના નહાનગર તરીકેની છે ત્યાંની શહેરી વસ્તી ૬૦ લાખ ૬૩ હજાર છે તેની સામે ગાંધીનગરની શહેરી વસ્તી માત્ર ૬ લાખ જેટલી છે એટલે ગાંધીનગર અમદાવાદની સરખામણીએ વસ્તીનાં દસમા ભાગનું છે. પરંતુ જયારે અમદાવાદમાં આવેલા હોટેલ-ગેસ્ટ હાઉસની સરખામણીએ ગાંધીનગરને તપાસીએ તો અમદાવાદના સંદર્ભે ગાંધીનગરમાં હોસ્ટેલ ગેસ્ટ હાઉસનો ત્રીજો ભાગ ધરાવે છે. અમદાવાદમાં ૨૯૭૭ જેટલી હોટલ - ગેસ્ટ હાઉસ આવેલા છે. જેની ટકાવારી આપણે ૧૦૦% ગણીને ગાંધીનગરના હોટેલ - ગેસ્ટ હાઉસની જે ૧૦૮૩ની સંખ્યા છે તેનું ગુણોત્તર પ્રમાણ કાઢીએ તો ૩૬% જેટલું પ્રમાણ થાય છે. શહેરી અથવા તો મહાનગર તરીકે ગાંધીનગરની વસ્તી અને હોટલ - ગેસ્ટહાઉસ સંખ્યા ગણીએ તો ગાંધીનગર ભલે નાનું હોય પરંતુ પ્રવાસીઓ માટે ‘રાતવાસો’ કરવાનું માનીતું સ્થળ

● અનુસંધાન પાન-૭ પર

# આજથી શહેરમાં શાળાઓમાં નવા સત્રનો પ્રારંભ

## શાળા સંકુલો બાળકોના કોલાહલથી ગૂંજી ઉઠશે : શહેરના માર્ગો પર ટ્રાફિકમાં વધારો અનુભવાશે

ગાંધીનગર, તા.૧૦

સોમવારથી શહેરમાં શાળાઓનું નવું સત્ર પ્રારંભ થઈ રહ્યું છે. ઉનાળુ વેકેશનના સમાપન બાદ ફરી એકવાર શાળા સંકુલો બાળકોના કિલકિલાટથી ગૂંજી ઉઠશે અને શાળાઓ શરુ થવાના અને છુટવાના સમયે માર્ગો પર ટ્રાફીકમાં વધારો જોવા મળશે.

ગાંધીનગરમાં તા. ૧૧મી જૂનથી શાળાઓમાં નવા સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. ઉનાળાની આકરી ગરમીમાં લાંબુ વેકેશન માણ્યા બાદ ફરી એક વાર બાળકો નવા શૈક્ષણિક સત્રમાં જોડાશે અને શાળા પરિસરો બાળકોના કોલાહલથી ગૂંજી ઉઠશે. શહેરના માર્ગો પર સ્કૂલ રીક્ષાઓ અને સ્કૂલ વાન ફરી દોડતી થઈ જતા શાળા ચાલુ થવાના અને છુટવાના સમયે ટ્રાફિક વધવા પામશે. શહેરના જાણીતા શૈક્ષણિક સંકુલની આસપાસના વિસ્તારોમાં ફરી ટ્રાફિક જામના દશ્યો જોવા મળશે. શાળાઓના વર્ગખંડો તરફ વિદ્યાર્થીઓનો પ્રવાહ દોડતો જોવા મળશે. આ વર્ષે પણ ઉનાળાની આકરી ગરમી પડી હોવા ઉપરાંત હજુ સુધી ચોમાસાનો પ્રારંભ થયો ના હોવાથી વાતાવરણમાં હજુ પણ અકળાવનારી ગરમી યથાવત છે ત્યારે ઉનાળુ વેકેશનને લંબાવાશે તેવી વાલીઓની આશા ઠગારી નિવડી છે.

એક તરફ બાળકોને નવા વર્ગમાં નવા યુનિફોર્મ, નવા દફતર, નવા પુસ્તકો સાથે નવા મિત્રો મળવાનો રોમાંચ હશે તો બીજી તરફ શાળા સંચાલકોને નવા સત્રની તાસની ગોઠવણીથી માંડીને બાકી રહેલી પ્રવેશ પ્રક્રિયા ઝડપથી પુરી કરવાની મથામણ પણ જોવા મળશે. શાળાઓનો પ્રારંભ થતા જ શહેરના જનજીવનમાં એક નવી ચહલપહલ સાથે નવી તાજગી અનુભવાશે.



ગાંધીનગર ખાતેના બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર એકમ તથા આદિત્ય મેહતા ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે ‘ઈન્ફિનીટી રાઈડ’ સાયકલ સવારીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાઈડનો હેતુ પ્રતિભાશાળી પેરા એથ્લેટસ અને તેમની રમતો પ્રત્યે જનમાનસનું ધ્યાન દોરી તેમને યોગ્ય સન્માન આપવા માટેનો હતો. ઈન્ફિનીટી રાઈડનો અમદાવાદના જજીસ બંગલા રોડ પરથી પ્રારંભ થયો હતો અને જીએમડીસી ગ્રાઉન્ડ થઈ મેનેજમેન્ટ એન્કલેવથી પરત ફરી હતી જેમાં ૪ હજારથી વધુ સાયકિલસ્ટ જોડાયા હતા. આ રાઈડમાં અમદાવાદના મેયર ગૌતમ શાહ, પોલિસ કમિશનર એ.કે. સીંઘ તથા આદિત્ય મેહતા પણ જોડાયા હતા.

# જિલ્લામાં કૃષિ સહાય મેળવવા ૧૦૫૩૭ ખેડૂતોએ ખેડૂત પોર્ટલ પર અરજી કરી

ગાંધીનગર, તા.૧૦

જિલ્લામાં ખેડૂત પોર્ટલ પર વિવિધ સહાય યોજનાઓનો લાભ લેવા માટે ૧૦૫૩૭ અરજીઓ જિલ્લા કૃષિ તંત્રને મળી છે.

જિલ્લા કૃષિ તંત્રના સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ખેડૂતો દ્વારા ઓનલાઈન પ્રિન્ટ આઉટ મેળવીને સાધનિક કાગળો સાથે ગ્રામ સેવકને રજૂ કરાયેલ અરજીઓની સંખ્યા ૮૭૫૯ છે.

સાધનિક કાગળો સાથે મળેલ અરજીઓ પૈકી પાત્રતા ધરાવતી અરજીઓની સંખ્યા ૮૬૦૯ છે. જ્યારે રદ કરવા પાત્ર અરજીઓની સંખ્યા અને પાત્રતા ન ધરાવતી અરજીઓની સંખ્યા ૧૫૦ જેટલી છે.

જિલ્લામાં ખેડૂતો દ્વારા આઈપોર્ટલ પર ૨૦થી વધુ જેટલી યોજનાઓમાં સહાય મેળવવા માટે અરજી કરવાની હોય છે.

ખેડૂતો દ્વારા ગ્રામ સેવકો સમક્ષ ઓનલાઈન પ્રિન્ટ સાથે જે અરજીઓ રજૂ થઈ છે તેની હવે તંત્ર દ્વારા ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને ચકાસણીને અંતે તે અંગેનો અહેવાલ તૈયાર કરી રાજ્ય સરકારના કૃષિ વિભાગને અપાશે જ્યાંથી સહાય માટેની અરજીઓ કેટલી સ્વીકારવામાં આવે છે તેનો નિર્ણય થશે.

# જિલ્લા પ્રવેશોત્સવ સમિતિની આજે મહત્વની બેઠક યોજાશે

## બેઠક પૂર્વે મુખ્યમંત્રીશ્રીની વિડીયો કોન્ફરન્સ પણ યોજાશે : ધો.૮માંથી ૯માં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા ૧૫,૨૧૦ જણાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લામાં ધો.૮થી ૯માં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા ૧૫૨૧૦ છે જ્યારે ધો.૧માં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા ૧૩ હજાર જેટલી છે.

આમ જિલ્લામાં ૨૮ હજાર જેટલા બાળકો પ્રવેશપાત્ર બનશે. જિલ્લા પ્રવેશોત્સવ સમિતિની આજે કલેકટર શ્રી લાંગાના અધ્યક્ષપદે મહત્વની બેઠક મળનાર છે. જેમાં પ્રવેશોત્સવના કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકામાં માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે ૨૦ ટકાથી પણ વધુ ડ્રોપ આઉટ રેસિયો જણાયો છે. એટલું જ નહિ રાજ્ય સરકારે જે ૧૨૧ તાલુકા અલગ તારવ્યા છે તેમાં પણ તેનો સમાવેશ થયો હોવાથી આ તાલુકામાં પ્રવેશોત્સવ પર વધુ ફોકસ કરવામાં આવશે.

જિલ્લા પ્રવેશોત્સવ સમિતિની આજે મળનારી બેઠકમાં કન્યાઓના ડ્રોપ આઉટ રેસિયા પર

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં કન્યાઓનો ડ્રોપઆઉટ રેસિયો ૨.૦૬ ટકા નોંધાયો છે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગ જિલ્લામાં ધો.૧ થી ૫માં ૧.૦૮ ટકાનો ડ્રોપઆઉટ રેસિયો નોંધાયો છે જ્યારે ૬ થી ૮માં તે. ૧.૬૪ ટકા નોંધાયો છે. જિલ્લામાં કન્યાઓનો ડ્રોપઆઉટ રેસિયો કુમાર છાત્રોની તુલનામાં વધુ છે.

જિલ્લામાં ૬ થી ૮માં કન્યાઓનો ડ્રોપઆઉટ રેસિયો વધુ જણાયો છે. દહેગામમાં તે ૨.૨૦ ટકા, ગાંધીનગરમાં ૧.૨૦ ટકા, કલોલમાં ૨.૩૧ ટકા અને માણસામાં ૨.૫૧ ટકા કન્યાઓનો ડ્રોપઆઉટ રેસિયો નોંધાયો છે.

ધો.૧ થી ૫માં કન્યાઓનો ડ્રોપ આઉટ રેસિયો દહેગામમાં ૧.૦૭ ટકા, ગાંધીનગરમાં ૦.૧૫ ટકા, કલોલમાં ૦.૫૭ ટકા અને માણસામાં ૦.૫૫ ટકા જણાયો છે.

જિલ્લામાં ધો. ૬ થી ૮માં કન્યાઓનો ડ્રોપઆઉટ રેસિયો સરેરાશ ૨.૦૬ ટકા નોંધાયો છે. જ્યારે ધો.૧ થી ૫માં તે ૦.૫૯ ટકા જેટલો રહેવા પામ્યો છે.

જિલ્લામાં કુમાર છાત્રોનો ડ્રોપઆઉટ રેસિયો ધો.૧ થી ૫માં ૦.૪૬ ટકા તો ધો.૬ થી ૮માં ૧.૨૩ ટકા નોંધાયો છે. જિલ્લામાં કન્યા કેળવણી પર ભાર મુકાયા પછી પણ આ સ્થિતિ જોવા મળી રહી છે.

ખાસ કરીને સલામતિ, કુરિવાજો તેમજ ગ્રામીણ વિસ્તારમાં શિક્ષણ માટે શિક્ષકોની ઘટ,

● અનુસંધાન પાન-૭ પર

### રાંધેજા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે

# વર્મીકમ્પોસ્ટ ખાતર બનાવવા વિશેષ તાલીમ અપાઈ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા અને પર્યાવરણ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે સામેલ કરાયેલ પાનસર અને રાંધેજા ગામે વર્મી કમ્પોસ્ટની બેડ કેવી રીતે તૈયાર કરવી અને કચરામાંથી કંચન કેમ બને તેની વિશેષ તાલીમ આપવામાં આવી હતી.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આ બે ગામોમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી અને સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ પછી વિવિધ સ્થાનોએથી મળેલ કચરાનું વર્ગીકરણ કરી અને વર્મીકમ્પોસ્ટ ખાતર કેવી રીતે બનાવી શકાય તેની એક દિવસીય તાલીમ પણ આપવામાં આવી હતી.

રાંધેજા મહાદેવ દેસાઈ ગ્રામ વિદ્યાપીઠ ખાતે યોજાયેલ આ તાલીમમાં ૩૦થી વધુ મહિલાઓ જોડાઈ હતી. જેમાં કચરાનું વર્ગીકરણ તેમજ વર્મી કમ્પોસ્ટ ખાતર બનાવવાની પદ્ધતિ ઉપરાંત કેવી રીતે આવક મેળવી શકાય તેની લાદી સરળ ભાષામાં સમજ આપવામાં આવી હતી.



કેરી મહોત્સવ - ગાંધીનગરના ગ્રામદેવતા પંચદેવ મંદિરે કેરી મહોત્સવ ઉજવાયો હતો... ભગવાનને વિવિધ પ્રકારની કેરીઓનો ભોગ ધરાવાયો હતો... આ પ્રસંગે મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી અમિતભાઈ અને ધર્માચાર્ય પૂજ્ય ફુલશંકર શાસ્ત્રીજીએ પૂજન-અર્ચન કર્યા હતા...

# ચોમાસામાં સંભવિત રોગચાળાને પહોંચી વળવા પાંચ મેડીકલ ટીમ તૈયાર કરાશે

ગાંધીનગર, તા.૧૦

ચોમાસાની ઋતુમાં આકસ્મિક પરિસ્થિતિ રોગચાળાની ઉભી થાય તો તેને પહોંચી વળવા માટે પાંચ મેડીકલ ટીમ જરૂરી દવા, વાહન તથા મેનપાવન સાથે તૈયાર રહે તે સુનિશ્ચિત કરવા માટે જિલ્લા આરોગ્ય તંત્રને અધિક નિયામકશ્રીએ પત્ર લખીને જણાવ્યું છે. અધિક નિયામક ડૉ. પરેશ દવેએ બે પાનાના વિસ્તૃત પત્રમાં આરોગ્ય તંત્રએ લેવાના થતા પગલાંઓ અંગે ૧૫થી પણ વધુ જુદા જુદા મુદ્દાઓ તારવીને જણાવ્યા છે.

ડૉ. દવેએ તેમના પત્રમાં જણાવ્યું છે કે, ઈન્ટીગ્રેટેડ ડીસીઝ સર્વેલન્સ પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ રોગોનું નિયમિત સર્વેક્ષણ કરવું અને તેના આધાર પર સત્વરે આર.આર.ટી. દ્વારા જરૂરી કાર્યવાહી કરવી.

પાણીજન્ય રોગચાળાના કેસ નોંધાય કે તુરત જ સ્થાનિક કક્ષાએથી પ્રાથમિક સારવા આપી વધુ સારવારની જણાય તો પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે જરૂરી ત્વરિત સારવાર મળી રહે તે વ્યવસ્થા કરવી.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સા.આરોગ્ય કેન્દ્ર અને જિલ્લા હોસ્પિટલ કક્ષાએ આવશ્યક પ્રમાણમાં દવાનો જથ્થો ઉપલબ્ધ રખાવવા માટે પણ આ પત્રમાં તાકિદ કરાઈ છે.

ઘનકચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરાવવા ઉપરાંત એપેડેમીક મેડીકલઓ ફિસર, તાલુકા હેલ્થ ઓફિસરક્ષશ્રીએ તેમના વાહનમાં કલોરો સ્કોપ રાખવું અને તેમની ક્ષેત્રિય મુલાકાત દરમિયાન પાણીમાં ક્લોરીનનું પ્રમાણની ચકાસણી કરવી. ક્લોરીન ટેસ્ટ નેગેટીવ જણાય તો આ અંગે તાકિદે વ્યવસ્થા કરી યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

શાળા, કૉલેજ જેવી જાહેર સંસ્થાઓમાં અને ગામના પાણી સંગ્રહ સ્થાનની નિયમિત સફાઈ થાય તેની તકેદારી રાખી, ગંદકીવાળા તમામ સ્થાનોની સફાઈ થાય તેમજ જંતુનાશક દવાનો છંટકાવ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા પણ તેમણે જણાવ્યું છે.

# રાજયભરમાં હવામાનમાં ફરી પલટો

## હળવા વરસાદની આગાહી હજુ પણ અકબંધ : ૧૩મી જૂન સુધી મોનસુનની એન્ટ્રી થાય તેવી સંભાવના

ગાંધીનગર, તા.૧૦

હવામાનમાં પલટાની સ્થિતિ વચ્ચે હવે મોનસુનની એન્ટ્રીના સંકેત દેખાવવા લાગી ગયા છે. ટૂંકમાં જ લઈને લોકો ખુબ જ ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. હવામાન વિભાગ તરફથી મળતી માહિતી મુજબ ગુજરાતમાં પણ ૧૩મી જૂન મહત્તમ તાપમાન ઘટીને ૪૦ ડિગ્રી થયું હોવા છતાં બપોરના ગાળામાં લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. તીવ્ર ગરમીનો અનુભવ બપોરના ગાળામાં લોકોએ કર્યો હતો. ગાંધીનગરમાં બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે.



મોનસુનની એન્ટ્રી થઈ જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. હવામાન વિભાગે કહ્યું છે કે, આગામી પાંચ દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા પડે તેવી સંભાવના છે. આજે ગાંધીનગરમાં મહત્તમ ૪૦ ડિગ્રી, અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧.૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૯.૬ ડિગ્રી રહ્યું હતું. આવતીકાલે પારો વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. વરસાદની એન્ટ્રીને સુધી ચોમાસુ બેસી જાય તેવી સંકેત મળી રહ્યા છે. સામાન્ય રીતે દર વર્ષે ૧૫મી જૂનની આસપાસ ગુજરાતમાં ચોમાસાની શરૂઆત થાય છે પરંતુ આ વર્ષે કેરળની જેમ જ દેશના અન્ય ભાગોમાં પણ વહેલીતકે મોનસૂનની એન્ટ્રી થઈ રહી છે. ગરમીના પ્રમાણ વચ્ચે તંત્ર દ્વારા વિવિધ પગલાં લેવામાં આવ્યા હોવા છતાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગના કેસ પણ વધ્યા છે. આજે

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ashirvad BENELAVE DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

“સંસ્કૃતિ” સંસ્થા, ગાંધીનગર
ઉજવે છે
‘વિશ્વ સંગીત દિવસ’ નિમિત્તે બે દિવસનો સ્વરાભિષેક ઉત્સવ
A ગુજરાત રાજ્ય સંગીત-નાટક અકાદમીના સહયોગથી ગુજરાતી ચલચિત્રોના લોકપ્રિય-લોકહૈયે સચવાયેલા મધમીઠા ગીતોનો કાર્યક્રમ
પાંદડું લીલું ને રંગ રાતો
તારીખ : ૨૧/૬/૨૦૧૮ રાત્રે : ૯.૧૫, ટાઉન હોલ, ગાંધીનગર
B ‘સંસ્કૃતિ’ સંસ્થા, ગાંધીનગરના ઉપક્રમે જાણીતા વક્તા શ્રી જય વસાવડાની પસંદગીના ગીતોનો કાર્યક્રમ
પ્યાર ઝિંદગી હૈ....
પ્રવક્તા-પરિકલ્પના જય વસાવડા
તારીખ : ૨૨/૬/૨૦૧૮ રાત્રે : ૯.૧૫, ટાઉન હોલ, ગાંધીનગર
સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ માત્ર રૂા.૧૫૦૦/- (વાર્ષિક) વ્યક્તિગત રૂા.૮૫૦/- (વાર્ષિક)
નીરજ પાઠક સજ્ની શાહ નયના શર્મા પંકજ પાઠક
સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :
(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પલેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેકટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) સેકટર-૨ ડૉ. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૪) નવા સચિવાલય : શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૯૦૦૪ શ્રી પરાગ શુક્લ(મો) ૯૯૭૮૪૦૫૯૪૩,૮૮૪૯૩૦૨૬૬૮ શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૫) જૂના સચિવાલય : શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬ શ્રી રસિક લિંબાચિયા (મો) ૯૬૨૪૯૧૯૧૯૭
(૬) વાવોલ : શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૮૨૧૬૬ શ્રીમતી પ્રીતિ મહેતા (મો)૭૦૪૮૮૫૫૬૩૭
(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ : શ્રીમતી પરમજીત કૌર (મો) ૯૪૨૮૧૫૫૪૩૬
(૮) સેકટર-૨૦ સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૮૧૬૦૧૮
(૯) સેકટર-૭ શ્રીમતી આરતી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૭૦૭૮
(૧૦) સેકટર-૮ પ્રા. ડૉ.લીના રાણા (મો.) ૯૪૨૭૦૪૯૦૪૭
(૧૧) ડૉ. અનિલ પટેલ (મો.) ૯૩૨૭૮ ૩૫૨૧૫
આવો... આજે જ સભ્યપદે નોંધાઈને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...
મનોજ શુક્લ મંત્રી ૯૮૨૫૮૭૯૫૨૯ રમેશ પટેલ પ્રમુખ ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)
(૧) સંસ્થાના આ વર્ષના પુનઃ સભ્ય થવા માટે પ્રચંડ પ્રતિસાદ આપવા બદલ સર્વ સભ્યોનો ખૂબ ખૂબ આભાર.
(૨) વર્ષમાં ૭ ઉત્તમ કાર્યક્રમ- પાંચ ફિલ્મ સંગીત પર આધારિત અને એક હાસ્ય રસનો કાર્યક્રમ તથા એક ભોજન-મિલન સમારંભ





ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com